
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ના માજી... બીજા દેશવાળા હવે તેમનો વિકાસ કરાવવા નથી આવતા...!!

# પેથાપુરમાં ગંદકીથી નાગરિકો હેરાન-પરેશાન

ગાંધીનગર, તા.૧૭

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તંત્ર દ્વારા ઠેરઠેર સફાઈ કરવામાં આવી રહી છે. શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં પણ સ્વચ્છતાને લઈ વિશેષ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. ત્યારે પેથાપુરમાં ઠેરઠેર ગંદકી જોવા મળી રહી છે. શિયાળા-ઉનાળામાં પણ પેથાપુરમાં ચોમાસા જેવી ગંદકી ઉદ્‌ભવે છે. ગંદકીને પગલે મચ્છરોના ત્રાસથી પેથાપુરવાસીઓની ઉંઘ પણ હરામ થઈ ગઈ છે. ત્યારે પેથાપુર ગામમાં યોગ્ય સફાઈ થાય તેમ પેથાપુરવાસીઓ ઈચ્છી રહ્યા છે.

પેથાપુર નગર સ્વચ્છ અને સુંદર બની રહે તે માટે તંત્ર દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તંત્ર દ્વારા પેથાપુરની દરેક સોસાયટી અને ઘરે ઘરેથી કચરો એકત્ર કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેમ છતા પેથાપુરમાં ગંદકીથી ખદબદતું જોવા મળે છે. ગ્રામજનો પાણી માર્ગ પર ઢોળતા શિયાળામાં તેમજ ઉનાળામાં પણ ચોમાસા જેવી સ્થિતિનું નિર્માણ થાય છે. જયારે નીલકંઠ વિલા એપાર્ટમેન્ટની પાછળ ખુલ્લી જગ્યા જાણે કચરો ફેંકવા માટે હોટ ફેવરીટ બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. કચરાના ઢગ ખડકાતા આસપાસ રહેતા નાગરીકો પણ હેરાન પરેશાન થઈ જાય છે. તો બીજી તરફ શાકભાજી બજાર અને મુખ્ય બજારમાં પણ ગંદકી જોવા મળી રહી છે. જયારે ઘર આગળ કચરો લેવા માટે તંત્રનું વાહન આવે છે પરંતુ તેમાં નિયમિતતા જળવાતી નથી જેથી કયા સમયે વાહન આવશે તે કોઈ કહી શકે તેમ નથી. તેમજ માત્ર હોર્ન વગાડીને જતા રહેતા પેથાપુરવાસીઓને ગમે ત્યાં કચરો ફેંકવાની આદત પડી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાનમાં ગમે ત્યાં કચરો ન નાંખીએ અને કચરો યોગ્ય સ્થળે નાંખીને સ્વચ્છ ગુજરાતમાં આપણે પણ યોગ્ય ફાળો આપવો જોઈએ. જયારે તંત્ર દ્વારા પણ પેથાપુરની યોગ્ય સફાઈ થાય તેમ લોકમાંગ ઉઠવા પામી છે.

# સિવિલમાં માતા-બાળક સાથે રહે તેવો એનઆઈસીયુ વોર્ડ તૈયાર થશે

## એનઆઈસીયુ વોર્ડને જોઈને દિલ્હીથી આવેલ પીડીયાટ્રીક ટીમે જરૂરી સૂચનાઓ આપી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એન આઈસીયુ વોર્ડની મુલાકાત દિલ્હીથી આવેલ પીડીયાટ્રીક ડોક્ટર્સની ટીમે મુલાકાત લીધી હતી. આ ટીમે બાળક અલગ અને માતા અલગ વોર્ડમાં છે તેમ નહી પરંતુ માતા અને બાળક સાથે રહી શકે તેવો વોર્ડ કર્યા પછી પણ હજુ અનેક સુધારા વધારા તેમજ કરોડો રૂપીયાના ખર્ચે નવા વોર્ડ તેમજ બિલ્ડીંગો આગામી સમયમાં તૈયાર થનાર છે. જેમાં પિડીયાટ્રીક બાળકોનો એન આઈસીયુ વોર્ડ પણ આધુનિક બનાવવામાં આવનાર છે. ત્યારે સિવિલના આંતરીક સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ રાજયના આરોગ્ય કમિશનરના



હોવો જોઈએ તેવી સુચન કર્યું હતું. સાંજે આવેલી ટીમ લગભગ ૩ કલાક જેટલો સમય રોકાઈ હતી અને સિવિલના પીડીયાટ્રીક ડોક્ટર સાથે પણ બેઠક કરી હતી અને જરુરી ચર્ચાઓ અને માર્ગદર્શન આપ્યું હતું. જયારે આગામી સમયમાં એનઆઈસીયુ અધ્યતન તૈયાર કરવામાં આવનાર છે ત્યારે આ ટીમની જરુરી સુચનાઓને ધ્યાને રાખવામાં આવશે અને ત્યારબાદ એનઆઈસીયુ વોર્ડ તૈયાર કરાશે. ત્યારે સિવિલમાં આગામી સમયમાં બાળક અને માતા સાથે રહી શકે તેવો એનઆઈસીયુ વોર્ડ તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવશે.

રાજયના પાટનગર ગાંધીનગરમાં મેડીકલ કોલેજ બનતા સિવિલમાં દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધાઓમાં વધારો થવા પામ્યો છે. જેથી દર્દીઓનો ધસારો પણ સિવિલમાં દિન પ્રતિદિન વધતો જોવા મળી રહ્યો છે. સિવિલમાં પાંચ માળની આધુનિક ઓપીડી અને આઠમાળની બિલ્ડીંગ તૈયાર માર્ગદર્શન હેઠળ દિલ્હીથી ખાસ પીડીયાટ્રીક ડોક્ટર્સની ટીમે ગાંધીનગર સિવિલના એનઆઈસીયુ વોર્ડની મુલાકાત લીધી હતી.

આ વોર્ડ નિહાળ્યા બાદ તેઓએ બાળક અને માતા સાથે રહે તેવો વોર્ડ હોવો જોઈએ. બાળક એક વોર્ડમાં અને માતા બીજા વોર્ડમાં આવું હોવું જોઈએ નહી તેમ જણાવ્યું હતું.તેઓએ પિડીયાટ્રીક વોર્ડમાં પણ જરુરી સુધારાઓ અને માર્ગદર્શન આપ્યું હતું. સાંજના સુમારે આવેલ ટીમે ૩ કલાક જેટલો સમય સિવિલમાં વિતાવ્યો હતો. પીડીયાટ્રીક ડોક્ટર્સ સાથે પણ બેસીને ઘણી ચર્ચાઓ કરી હતી અને જરુરી માર્ગદર્શન પણ આપ્યું હતું. જયારે આગામી સમયમાં એન આઈસીયુ વોર્ડ આધુનિક બનાવાશે ત્યારે ખાસ ટીમની સુચનાઓને ધ્યાને લેવાશે. જેને પગલે એમ કહી શકાય કે હવે એન આઈસીયુ વોર્ડ આધુનિકની સાથે માતા અને બાળક સાથે રહી શકે તે પ્રકારની વ્યવસ્થા સાથેનો તૈયાર કરવામાં આવશે.



## બે વર્ષથી વોન્ટેડ આરોપીને એસઓજીએ કોર્ટ કંપાઉન્ડ બહારથી પકડયો


ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની સુચનાથી તેમની ટીમ નાસતા ફરતા આરોપીઓ પકડવા સક્રિય છે ત્યારે ગઈ કાલે ચોકકસ બાતમીને આધારે પેથાપુર પોલિસ સ્ટેશનના ગુનામાં બે વર્ષથી નાસતા ફરતા એક આરોપીને ગાંધીનગર કોર્ટ કંપાઉન્ડ બહારથી પકડી પાડયો છે. બે વર્ષ પહેલા જલુંદના નુર મહંમદ ઉર્ફે નુરસા દીનુશા ફકીર સામે પેથાપુર પોલિસ સ્ટેશનમાં ૩૬૩, ૩૬૬, પોકસોની કલમ ૪ અને ૬ મુજબ ગુનો નોંધાયો હતો. આરોપીની ધરપકડ કરી સે-૭ પોલિસને સોંપી દીધો છે.

# ભારે વાહનચાલકોની આંખ તપાસણી દ્વારા માર્ગ સલામતિ સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા.૧૭

સમગ્ર દેશ અને રાજયમાં માર્ગ સલામતિ સપ્તાહની જનજાગૃતિ અભિયાન અને ઉજવણી ચાલી રહેલ છે જે અંતર્ગત ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આંખ વિભાગના ટેકનીશ્યન ડી.જે. ગોરે બ્રહ્માકુમારી કેન્દ્ર ચિલોડા ખાતે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ સાથે રહી જિલ્લા ટ્રાફીક પોલિસ ઈન્સ્પેકટર વ્યાસ તથા સીતારામભાઈ પટેલ, નિલેન્દુ વોરા, કિશોરભાઈ જીકાદરા સહિત મહાનુભાવોએ હાજર રહી માર્ગદર્શન પુરું પાડયું હતું.

આ કેમ્પમાં વાહનચાલકો તથા અન્ય નાગરિકોની આંખ



ચિલોડા સર્કલ પાસે સેવા કેન્દ્ર ખાતે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા જિલ્લા ટ્રાફિક પોલિસ-ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ટ્રાફિક અવેરનેસ તથા નેત્ર નિદાન અંતર્ગત રાષ્ટ્રીય ધોરી માર્ગ-૮ પર ચાલતા અસંખ્ય ભારે વાહનોના ડ્રાઈવર, કલીનરની દૃષ્ટિ ચકાસણી કરી ચશ્માના નંબર તથા આંખના ટીપાં વિના મુલ્યે આપવામાં આવ્યા હતા. પીએસઆઈ પટેલની રાહબરી હેઠળ આયોજન હાથ ધર્યું હતું.

આ કાર્યક્રમમાં દરેક વાહનચાલકોને ટ્રાફિક અવેરનેસ અંગે ટ્રાફિકના નિયમોની જાણકારી માટેની પત્રિકાનું વિતરણ કર્યુ હતું. આ પ્રસંગે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચ, સહકાર્યકર અગ્રણી મયુર વ્યાસ, સુધીર દેસાઈ, ચકાસણી કરી વિના મુલ્યે દવા વિતરણ કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારી કેન્દ્ર ચિલોડાના સંચાલિકા તારાદીદી તથા અંબિકાદીદી દ્વારા સમગ્ર વ્યવસ્થા કેન્દ્રમાં ગોઠવવામાં આવી હતી. આ પ્રસંગે ટ્રાફિક અવેરનેસ અને માર્ગ સુરક્ષા અંગે પી.આઈ. વ્યાસ સાહેબ તથા અન્ય પોલિસ કર્મીએ માર્ગદર્શન પુરું પાડયું હતું.

# વડસર જીઆઈડીસીમાં થયેલી કોપર કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર એસઓજી



પી.આઈ. પરેશ સોલંકીની ટીમે બાતમીને આધારે કલોલ તાલુકાના વડસર જીઆઈડીસીમાં થયેલી કેબલચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે. ૨૭ ડિસેમ્બરે વડસર જીઆઈડીસીમાં આવેલી લુબી ઈન્ડસ્ટ્રીલ કંપનીમાંથી રૂ. ૮૯,૧૮૫ની કિંમતના કોપર કેબલની ચોરી થઈ હતી. આ ચોરાયેલા કેબલ પૈકીના કેટલાક કેબલ એક આરોપી વડસર ચાર રસ્તા નજીક એક ભંગારવાળાને ત્યાં વેચવા આવવાનો હોવાની બાતમી મળતા તે આધારે ભિલોડાના અંકીત બચુ તબીયાડને ૩ મીટરના કેબલના ટુકડા સાથે પકડી પાડવામાં આવ્યો છે.

# અડાલજ ખાતે ‘બ્રહ્મ સંવાદ’ અને ધારાસભ્યોનો સન્માન સમારોહ

ગાંધીનગર, તા.૧૭

તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચુંટણીમાં ચુંટાઈ આવેલા બ્રાહ્મણ ધારાસભ્યોનો સન્માન સમારોહ અને બ્રહ્મ સંવાદનું આયોજન આગામી તા.૨૧ જાન્યુઆરીને રવિવારના રોજ બપોરે ૩ કલાકે શ્રેયા ફાર્મ અડાલજ ખાતે યોજાશે. બ્રહ્મ પડકાર અને વર્લ્ડ બ્રાહ્મણ ફેડરેશન તરફથી આયોજીત આ કાર્યક્રમમાં રાજયના ૯ ધારાસભ્યો એક મંચ પર હાજર રહેશે. આ કાર્યક્રમમાં શૈલેષભાઈ મહેતા (ડભોઈ), રાજેન્દ્રભાઈ ત્રિવેદી (રાવપુરા), વિભાવરી બેન દવે (ભાવનગર), શશિકાન્તભાઈ પંડયા (ડીસા), મેહુલભાઈ રાવલ (ખંભાત), કનુભાઈ દેસાઈ (પારડી), પિયુષભાઈ દેસાઈ (નવસારી), ભીખાભાઈ જોશી (જુનાગઢ), કનુભાઈ બારૈયા (તળાજા), હાજર રહેશે. વર્લ્ડ બ્રાહ્મણ ફેડરેશનના ચેરમેન માંગીરામજી શર્માના અધ્યક્ષ પદે શ્રેયા ફાર્મ અડાલજ ખાતે આ કાર્યક્રમનું આયોજન રવિવારના રોજ બપોરે ૩ કલાકે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ઉતરપ્રદેશના ઉપમુખ્યમંત્રી દિનેશ શર્મા, તેમજ અંબાજીના લાલ ચુંદડીવાળા માતાજી તથા હિન્દુ રાષ્ટ્ર હિત રક્ષક સ્વામીનારાયણ આશ્રમ મંદરડાના સ્વામી ભકિત પ્રસાદજી હાજર રહેશે. ઉપરાંત હિમાચલ પાજયના મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહેશે તેમ ગાંધીનગર બ્રહ્મ સમાજના યુવા પ્રમુખ જીગર ત્રિવેદીએ જણાવ્યું છે. એટલું જ નહીં આ સન્માન સમારોહ અને બ્રહ્મ યુવા સંવાદ કાર્યક્રમમાં મોટીસંખ્યામાં ભુદેવો ઉપસ્થિત રહેશે અને સમાજના સંગઠન બાબતે ચર્ચા કરશે.

# શહેરની સરકારી શાળાઓમાં વાર્ષિકોત્સવ ધામધૂમથી ઉજવાયા

ગાંધીનગર, તા.૧૭

સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત માધ્યમિક શાળાઓ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, મહાત્મા ગાંધી વિદ્યાલય, ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલય, પાલજના દ્વિતીય વાર્ષિકોત્સવ તથા તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ ૧લી જાન્યુઆરીના રોજ યોજાઈ ગયો.

છગનભા, દાસકાકા, દીવાળીબા અને માણેકલાલ પટેલના નામથી આપવામાં આવતા એવોર્ડ અને ઈનામ વિતરણમાં ઉપરોકત શાળાઓના કુલ ૩૫ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. વાર્ષિકોત્સવ નિમિત્તે ‘બેટી બચાવો અભિયાન’ તથા ‘સ્વચ્છ ભારત અભિયાન’ થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ, ગીત, નૃત્ય, નાટક, અભિનય ગીત, મોનો એકટીંગ, બ્રેક ડાન્સ વગેરે કૃતિઓ ઉપરોકત શાળાના બાળકો દ્વારા રજૂ કરવામાં આવી હતી. કલાકાર બાળકોએ દાતાઓ, વડીલો, મહેમાન અને શાળા પરિવારના ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ચેરમેન વલ્લભભાઈ પટેલ, દાતાઓ ચંદુ પટેલ, વી.પી. પટેલ, નટુભાઈ પટેલ, કેમ્પસ ડાયરેકટર સોમા પટેલ તથા કો-ઓર્ડીનેટર કૌશલ્યા પટેલ અને તમામ ઉપસ્થિત રહેલ દાતાઓએ મંડળને માતબર રકમનું દાન અર્પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં તમામ શાળાના કો-ઓર્ડીનેટર દ્વારા મદદ અને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.



ઉત્સવો માનવીના જીવનમાં ઉત્સાહનું ચિંતન કરવાનું કાર્ય કરે છે. આથી આપણી સંસ્કૃતિના ઉત્સવોને શાળામાં પણ ઉજવી બાળકોમાં સંસ્કાર સિંચન કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લાના નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળામાં ભવ્ય પતંગોત્સવ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો તથા શાળાના શિક્ષકગણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



આગામી તા. ૨૬ જાન્યુઆરીના રોજ યોજાનારી બ્રહ્મ અધિકાર રેલીની પૂર્વ તૈયારીના ભાગરૂપે બ્રહ્મસમાજ દ્વારા મંગળવારે બ્રહ્મભવન પાસે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્રહ્મસમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. બ્રહ્મસમાજના અગ્રણી કનૈયાલાલ પંડ્યા, અશ્વિન ત્રિવેદી, ભરત રાવલ, જગત શુકલ, પ્રજ્ઞેશ દવે તેમજ કમલેશ વ્યાસ સહીત આગેવાનો હાજર રહ્યા હતા.

# વાવોલમાં વિવિધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

વાવોલની એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય વાવોલ શાળામાં વિદ્યાર્થીઓ માટે દાતા પ્રા. પૃથ્વીભાઈ શાહના સ્વ. માતૃશ્રી ઈન્દિરાબાના સ્મરણાર્થે વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાના હેતુથી યોજવામાં આવેલ વક્તૃત્વ સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, લીંબુચમચી, સંગીતખુરશી જેવી વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિજેતાઓને પ્રોત્સાહનરૂપી ઈનામ વિતરણનો કાર્યક્રમ સમારંભના અધ્યક્ષ પોપટભાઈ વી. પટેલ, મુખ્ય મહેમાન તથા ઈનામોના દાતા પૂર્વ પ્રા. પૃથ્વીભાઈ શાહની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમમાં ઉપરોક્ત મહાનુભાવોના શુભ હસ્તે શાળાના વિજેતા તમામ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન પૃથ્વીભાઈ શાહ, પત્રકાર વિનોદસિંહ રાઠોડ તથા અધ્યક્ષ સ્થાને પોપટભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનો કરી વિદ્યાર્થીઓને જીવનમાં ઉત્તમ બનવાની પ્રેરણા પુરી પાડી હતી. શાળાના આચાર્ય બળદેવભાઈ પટેલે સહુ મહાનુભાવોનું ભાવભર્યુ સ્વાગત કર્યુ હતુ. કાર્યક્રમનું સમગ્ર સંચાલન શાળાની શિક્ષિકા રસિલાબેન વ્યાસના માર્ગદર્શન હેઠળ શાળાની વિદ્યાર્થીની પૂજા ગુર્જરે કર્યુ હતુ. આભારવિધિ શાળાના શિક્ષક એન.એસ. ચૌધરીએ કરી હતી.

આ પ્રસંગે શાળાના સહમંત્રી અમરસિંહ ગોલ, રમેશભાઈ પટેલ, મંડળના સદસ્યો, વ્યાસકાકા, પ્રાથમિક શાળાની આચાર્ય બહેનો દક્ષાબેન, જાગૃતિબેન, સોનલબા તથા બાબુજી વાઘેલા તથા શાળાનો સમગ્ર સ્ટાફ વગેરેએ ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી.

## વિચરતી-વિમુક્ત જાતિ નિગમને શ્રેષ્ઠ પરફોર્મ્સ એવોર્ડ

રાજ્યમાં આવેલ વિચરતી અને વિમુક્ત જાતિઓના સર્વાંગી વિકાસ થાય તે હેતુસર સરકાર દ્વારા ૨૦૧૫માં રચના કરવામાં આવેલ છે. ભારત સરકારના રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમ નવી દિલ્હીના ચેનલાઈઝીંગ એજન્સી તરીકે કામ કરે છે. નિગમ દ્વારા રાજ્ય સરકાર તથા રાષ્ટ્રીય નિગમના સહયોગથી સીધા ધિરાણની વિવિધ યોજનાઓ હેઠળ લોન ધિરાણ આપવાની કામગીરી કરવામાં આવે છે.

## આવતીકાલે મહારાણા પ્રતાપ જયંતિ નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન


ગાંધીનગર, તા.૧૭

મહારાણા પ્રતાપની પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગરના સે-૧૨ ખાતેના રાજપૂત ભવન ખાતે તા. ૧૯મી જાન્યુઆરીના રોજ સમસ્ત રાજપૂત પરિવારોની નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિબંધ સ્પર્ધામાં બાળકો તથા પરિવારજનોને ભાગ લેવા રાજપૂત સમાજ દ્વારા આમંત્રણ અપાયું છે. સમસ્ત કાર્યક્રમનું આયોજન સામાજિક કાર્યકર્તા તથા સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં રાજપૂત પરિવારોએ ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સ્પર્ધા રાજપૂત ભવન ખાતે શુક્રવારે બપોરે ૩ કલાકે યોજાશે.

## ડો. એસ.પી. શુકલને પ્રેસ્ટીજીયસ એવોર્ડથી સન્માનિત કરાયા

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત સરકારના નિવૃત્ત નાયબ નિયામકશ્રી આરોગ્ય સેવાઓ ડૉ.



શ્રી એસ.પી. શુકલ (એમએસ-એફ.આઈ.સી.એસ.-યુ.એસ.એ.) વિઝીટીંગ સર્જન સાલ હોસ્પિટલ-અમદાવાદ, સાંઈનાથ હોસ્પિટલ-બોપલ-અમદાવાદ, વિઝીટીંગ પ્રોફેસર ઓફ સર્જરી ફીઝીયોથેરાપી કોલેજ એન્ડ એચ.પી.એમ. મેડીકલ કોલેજ બોપલ-અમદાવાદને ૨૦૧૭ની કોન્ફરન્સમાં બેસ્ટ એવોર્ડ તેમના લખેલ નિબંધને પ્રેસ્ટીજીયસ એવોર્ડથી સન્માનિત કરેલ છે. આ અગાઉ પણ ડૉ. શુકલને આઈ.એમ.એ. એવોર્ડ એનાયત થયેલ છે. આ ઉપરાંત આરોગ્યને લગતા અનેક વિષય પર પેપર પ્રસિદ્ધ કરેલ છે.

**ઈ-ટેન્ડર ટુંકી નિવિદા નં.૬ સને ૨૦૧૭-૧૮**
**(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**
**ગુજરાત સરકાર**
**(ફક્ત હંગામી વિજળીકરણના કામના ઠેકેદારો માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવેલ કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૨, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬ દ્વારા વિજળીકરણને લગતા ૨ (બે) કામોની અંદાજીત કિંમત રૂ. ૧,૮૪,૧૪૯-૬૮ થી ૧,૯૭,૩૧૮-૬૪ સુધી છે.

ટેન્ડર દસ્તાવેજોનો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૧૭/૧/૨૦૧૮થી જોવા મળશે અને તા. ૨૦/૧/૨૦૧૮ના ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. વધુ માહિતી અને ઓનલાઈન ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી.

માહિતી/૨૪૯૩/૧૭-૧૮